ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૩ ટકા

# શહેરમાં કોરોનાના ભય વચ્ચે 'રક્ષાબંધન' ઉજવાઈ

## દર વર્ષ જેવી રક્ષાબંધનની રોનકનો અભાવ : માર્ગો પર પણ અવરજવર ઓછી વર્તાઈ : રક્ષાબંધનના ઉત્સાહનો જનજીવનમાં અભાવ

ગાંધીનગર, તા.૩

શહેરમાં રક્ષાબંધન પર્વની કોરોનાના ભય વચ્ચે ઉજવણી થઈ હતી પરંતુ ઉત્સાહનો અભાવ વર્તાતો હતો. સવારે ૯ થી ૧૧ ની વચ્ચે થોડીક અવરજવર માર્ગો પર વર્તાતી હતી બાકી નહીવત હતી. મનમાં ભય અનેભાઈ માટે બહેનના હેતની અભિવ્યકિતનો સંયુકત માહોલ અનુભવાયો હતો. જો કે સાંજે મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર વધી હતી પરંતુ દર વખતની જેમ સવાર-સાંજ ટ્રાફીક જામના દશ્યો દેખાતા ન હતા. ભાઈની રક્ષા માટે બહેનો પ્રાર્થના ખુબ જ લાગણીપૂર્વક વ્યકત કરતી હતી.

ભાઈ બહેનનાં હેતનો તહેવાર રક્ષાબંધન. આ વર્ષે કોરોનાને કારણે રક્ષાબંધનની ઉજવણીનો માહોલ નગરમાં બન્યો નથી. દર વર્ષે નગરમાં ચારે બાજુ ભાઈઓ બહેનો અવરજવર કરતા જોવા મળતા પરંતુ આ વર્ષે નગર ના રસ્તા સાવ ખાલી જણાયા હતા. કોરોનાને કારણે બહારગામ રહેતી બહેનો નગર સ્થિત ભાઈઆ ને રાખડી બાંધવા નથી આવી પરંતુ નગરમાં જ સ્થિત બહેનો પણ આ વર્ષે ભાઈઓ ને ઘરે રાખડી બાંધવા ગઈ નથી. આ વર્ષે સૌથી વધુ રાખડી પોસ્ટ થઈ હશે પણ સૌથી ઓછા પ્રમાણમાં બહેનો પોતાના ભાઈ ને ઘરે ગઈ હશે તેવું મનાય છે. ઘણા ભાઈઓને તેમની બહેન વતી તેમની દિકરીઓએ રક્ષાસુત્ર બાંધ્યું હતું. હાલ નગરમાં વધતા જતા કોરોનાના કેસ ને કારણે દરેક ઘરની બહાર નીકળતા ડરે છે અને અમુક બહેનોને રાખી પોસ્ટ કરવાનું પણ જોખમી લાગતા ભાઈને જાતે જ રાખડી ખરીદી બાંધવા કહી દીધું છે તેવું પણ સંભાળવામાં આવ્યું છે. કોરોનાને કારણે આમ તો પાછળના દિવસ માં ગયેલા તમામ તહેવાર પણ પ્રમાણમાં ફિક્કા જ ગયા છે. શ્રાવણ મહિનો આવ્યો એ પહેલા લાગતું હતું કે થોડું નોર્મલ વાતાવરણ થશે પણ ના તો શ્રાવણ મહિનામાં માહોલ જામ્યો અને ના તો રક્ષાબંધનના તહેવારમાં પહેલા જેવો માહોલ જણાયો.






શહેરના મંદિરોમાં પણ ભાવિકોની સંખ્યા નહિવત જણાતી હતી. દાન-દક્ષિણા માંગવાવાળા તો જવલ્લે જ દેખાતા હતા. રક્ષાબંધનની રોનકને જાણે કોરોનાના ગ્રહણે હણી લીધી હોય એવું લાગી રહ્યું હતું. મીઠાઈની દુકાનો પર ગઈ કાલે સાંજે થોડીક ભીડ-ભાડ હતી. બાકી રક્ષાબંધનના દિવસ અગાઉ જેવી ભીડના દશ્યો દેખાતા ન હતા. છતાં શહેરની બે ત્રણ દુકાનો પર થોડીક ભીડ હતી. બાકી તો સાવ ખાલીખમ જણાતી હતી. 'સ્ટે હોમ સ્ટે સેફ'ના સુત્રને આજે પણ શહેરીજનોએ અનુસર્યું હતું.



લાયન્સ, લાયોનેસ, લીઓ કલબ ગાંધીનગર અને લાયન્સ કલબ ગાંધીનગર ફેમીના દ્વારા સંયુકત રીતે સહજ ફાર્મ કોલવડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંબો, ચીકુ, જામફળ, રાયણ, ગ્રીન ટી જેવા અંદાજી ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રેસિડન્ટ સાથે તમામ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## સેકટર-૨૨ ખાતે કારમાંથી ૨૦બોટલ દારૂ સાથે કોલવડાનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૨૨ આર્યુવેદિક દવાખાના પાસેથી સેકટર-૨૧ પોલીસે દારુની નાની મોટી ૨૦ બોટલ સાથે કોલવડાના એક શખ્સને પકડી પાડ્યો હતો. બાતમીને પગલે સેકટર-૨૧ પોલીસે આર્યુવેદિક દવાખાના નજીક થી જી.જે.૦૧.એચ.કયુ-૫૪૯૭ નંબરની કાર પોલીસે પકડી પાડી હતી. પોલીસેકાર ચાલકનુ નામ પુછતા તે કોલવડાના મનુજી નાથુજી વાઘેલા (છગુજી મુખીનો વાસ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી બે ગેસના બાટલા મળી આવ્યા હતા. તે બહાર કાઢીને તપાસ કરતા તળીયાના ભાગે તવો મારી મજાગરા ફીટ કર્યા હતા. જે ફોલીને જોતા બંને ગેસના બાટલામાંથી દારુની નાની મોટી ૨૦ બોટલ મળી આવી હતી.પોલીસે રૂ. ૫૦ હજારની કાર, અને રૂ.૫૩૨૧ કિંમતનો દારુ, અને બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૫૮,૨૩૧ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



જેસીઆઈ ગાંધીનગર દ્વારા સે-૨૯ બગીચા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યો દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. સોલંકી અમીત દિલીપભાઈ, ઉ.વ. ૦૯, લવારપુર, ગાંધીનગર
- સ્વ. પટેલ ગણપતભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૮૦, લક્ષ્મીપુરા, તા. વિસનગર
- સ્વ. શૈલેન્દ્રકુમાર ત્રંબકલાલ બારોટ, ઉ.વ. ૫૬, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. સુભદ્રાબેન ભગાભાઈ પટેલ, ઉ.વ. ૬૮, મુ. રીદ્રોલ, જી. ગાંધીનગર
- સ્વ. પંડયા કિશોરકુમાર મોતીલાલ, ઉ.વ. ૬૬, સેકટર-૨૭, ગાંધીનગર






ગાંધીનગર ખાતેના કેન્દ્રિય રિઝર્વ પોલીસદળે શનિવારે તા. ૧લી ઓગષ્ટે સીઆરપીએફના ૫૩માં સ્થાપના દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે શહીદોને યાદ કરીને તેમને શ્રધ્ધાંજલિ આપવા સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું જે પ્રસંગે સીઆરપીએફના ઉપ કમાન્ડર સુનીલકુમાર ખત્રી ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



ગાંધીનગર, તા. ૩

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટ સોસાયટીની ટ્રસ્ટી મંડળ તથા બોર્ડ ઓફ ગવર્નર્સની સંયુક્ત મીટીંગ તથા સંસ્થાની ૨૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦-૭-૨૦૨૦ને ગુરૂવારના રોજ સંસ્થાના કેમ્પસમાં રાખવામાં આવી હતી. જેમાં સંસ્થાના ચેરમેન નરહરિભાઈ એચ. અમીન રાજ્ય સભાના સભ્ય નિયુક્ત થયા પછી પ્રથમવાર સંસ્થાની ઉપરોક્ત મીટીંગમાં ઉપસ્થિત થતાં સંસ્થા તરફથી તેમનુ બુકે તથા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. બેઠકમાં સંસ્થાના બોર્ડ ઓફ ગવર્નર્સ તથા ટ્રસ્ટી મંડળ તથા સંસ્થાની વાર્ષિક સભાના સભ્યોમાં અમરેલી જિલ્લા સહકારી બેંક લિ.ના ચેરમેન દિલીપભાઈ એન. સંઘાણી, ખેડા જિલ્લા સહકારી બેંકના ચેરમેન ધીરૂભાઈ એ. ચાવડા, ભાવનગર જિલ્લા સહકારી બેંક લિ.ના ચેરમેન નાનુભાઈ વી. વાઘાણી, સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ જયરામભાઈ પટેલ, જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી પ્રવિણચંદ્ર એસ. વ્યાસ તથા કેમ્પસ ડિરેક્ટર પ્રદિપભાઈ એસ. શાહ ઉપસ્થિત રહ્યાં હતા.

## એલ્વીન કંપનીના ધાબા પર જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ગામની સીમમાં આવેલી એલ્વીન કંપનીના ધાબા પર જુગાર રમતા કંપનીના ૬ કર્મચારીઓ જ પોલીસના હાથે જુગાર રમતા ઝડપાયા છે. ઈન્ફોસીટી પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧,૭૭૦ તેમજ ૫ મોબાઈલ મળીને કુલ રૂ.૯૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા ત્યારે રવિવારના રોજ મોડી સાંજે બાતમી મળી હતી. જેને પગલે કુડાસણ નજીક આવેલ ગુજરાત ગારમેન્ટ ઝોનની અંદર આવેલી એલ્વીન કંપની ખાતે રેઈડ પાડી હતી. જેમાં કંપનીનો આગળનો દરવાજો બંધ પરંતુ પોલીસ બાજુમાં આવેલી સીડી દ્વારા ધાબા પર પહોંચી હતી. ત્યારે ધાબા પર બાજી માંડીને બેઠેલા કંપનીના જ કર્મચારીઓમાં સાગર શ્રીગીરીશચંદ્ર રાઠોર (ઉં.૨૧), રણજીત સુખદેવભાઈ મિસ્ત્રી (ઉં.૩૫) ટીંકલ રામઅવધ શહાની (ઉં.૩૪) ધર્મેન્દ્ર દિનેશ પ્રસાદ, ઉદયપ્રતાપ આનંદકુમાર ખટીક (ઉં.૨૪), વિકાસ દેવનાથ ઠાકુરનો સમાવેશ કરાયો છે. મુળ ઉત્તરપ્રદેશ અને બિહારના ૬ શખ્સો કપંનીમાં ફરજ બજાવતા હતા. પોલીસે દાવ પરથી તેમજ જુગારીઓ પાસેથી રૂ.૧૭૭૦ તેમજ ૫ મોબાઈલ પર રૂ.૯૨૭૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારીઓ સામે પોલીસે જુગારધારા અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ શરુ છે.




ગાંધીનગરના ઘ માર્ગ પર એક તરફ કોર્ટ સંકુલ અને બીજી તરફ જયાં ઉમિયા માતાજી સંસ્થાન છે તે બંને વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણમાં શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, બાર એસોસિએશન કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહિલ, મુખ્ય સરકારી વકીલ હિતેશ રાવલ સહિત મોટી સંખ્યામાં વકીલો જોડાયા હતા.

## શહેરના કોરોના વોરીયર્સને રાખડી બાંધી મેયર દ્વારા સન્માનિત કરાયા

### ડોકટર્સ, પોલીસ, તેમજ સફાઈ કર્મીઓનો આભાર માનીએ એટલો ઓછો છે : મેયર






ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી મેયર રીટાબેન પટેલ હાજરીમાં સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવી હતી. મહાપાલિકા દ્વારા આયોજીત કોરોના વોરીયર્સ તેવા ડોકટર્સ, નર્સ, પોલીસ જવાનો, સફાઈ કર્મયોગીઓ, અને ઈલેકટ્રીક તેમજ પ્રિન્ટ મિડીયાના પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું તે ઉપરાંત મેયરના હસ્તે રાખડી બાંધવામાં આવી હતી.

આ પ્રસંગે મેયર રીટાબેન પટેલે જણાવ્યું હતું કે પોતાના જીવને પણ જોખમમાં મુકીને આ યોધ્ધાઓ દ્વારા કોરોનાને હરાવવા માટે મોટું યોગદાન આપવામાં આવ્યું છે. તેમના કાંડે રાખડી બાંધતા અને તેમનું સન્માન કરતા હું ગર્વની લાગણી અનુભવુ છું. વૈશ્વિક મહામારી કોરોના શું છે તેની સારવાર કેવી રીતે કરવી, શું સાવચેતી રાખવી સહિતની માહિતી હજુ ઉજાગર પણ થઈ ન હતી. કોરોનાએ ગાંધીનગમાં પગ પેસારો કરી દીધો હતો. ત્યારે આ તમામ કોરોના વોરીયર્સને તેમનુ શું થશે તેનો વિચાર પણ કર્યા વિના માનવ સેવા યજ્ઞમાં ખભેખભા મિલાવીને જોડાઈ ગયા હતા. ઘણા વ્યકિતઓને પણ ફરજ બજાવવા દરમિયાન કોરોના વાઈરસનો ચેપ લાગી જવા છતા તેઓએ જાનની પણ પરવા કરી ન હતી. આજદિન સુધી ખડે પગે ફરજ બજાવી રહ્યા છે ત્યારે તેમનું સન્માન સમગ્ર ગાંધીનગર મહાપાલિકા વિસ્તારના રહીશો વતી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર પ્રણવ પટેલ, નિલાબેન શુકલ, પોલીસ કર્મચારીઓ, સિવિલ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં મહિલા આગેવાનો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા.

## બસના ડ્રાઈવર-કડંકટરની પ્રમાણિકતાથી પાકીટ પરત કરાયું



ગાંધીનગર, તા.૩

આજે ગાંધીનગર ડેપો સંચાલિત વલાસણાથી ગાંધીનગર આવતા સમયે વસાઈથી બેઠેલ એક મુસાફરનું રાંધેજા ઉતરતા સમયે પાકીટ બસની અંદર પડી ગયેલું હતું. આ બસ ડેપો ખાતે પહોંચી વોશીંગ રેમ્પ પર વોશંગ થતી હતી તે દરમિયાન બસના ડ્રાઈવર બાલકૃષ્ણસિંહ રાઓલ તેમજ કડંકટર મનદીપસિંહ ઝાલાની નજર ઉપરોકત પાજીટ ઉપર પડતા પાકીટ ચેક કરી અંદર રહેલા ૩૫૦૦ રૂપિયા રોકડા, એટીએમ કાર્ડ, ડેબિટ કાર્ડ મળી આવેલા હતા જે અંગેની જાણ તેઓએ ડેપો ખાતેના કન્ટ્રોલર નરેન્દ્રભાઈ ચૌહાણને કરી અંદરથી મળેલ મોબાઈલ નંબરો દ્વારા સગા સંબંધીઓ થકી મુળ માલિક જયરામભાઈ રબારીનો સંપર્ક કર્યો હતો જેમને ડેપો ખાતે બોલાવી તેઓનું પાકીટ પરત કરી ડ્રાઈવર કડંકટર દ્વારા તેઓની ફરજનિષ્ઠા પ્રમાણિકતાનું એક આગવું ઉદાહરણ પુરું પાડયું હતું. ઉપરાંત પાકીટ માલિકે કળિયુગી સમયમાં પાકીટ પરત મળતા ડ્રાઈવર કડંકટર સહિત એસ.ટી. નિગમના કર્મચારીઓની પ્રમાણિકતાને બિરદાવી હતી.